**રે.દી.મુ.નં.૩૭/૨૦૨૫**

**-:: આંક-૧ લગત હુકમ ::-**

હાલનાં કામે દાવો અત્રેની કોર્ટમાં તા.૧૭/૦૪/૨૦૨૫ ના રોજ દાખલ થયેલ છે. ત્યારબાદ તા.૧૩/૦૯/૨૦૨૫ ના રોજ કાઢવામાં આવેલ લોક અદાલતની નોટીશમાં તા.૦૧/૦૮/૨૦૨૫ ના રોજ પ્રતિવાદી દેવશીભાઈ માલદેભાઈ મકવાણા ગુજરી ગયેલા હોય તેવો બેલીફશ્રીનો શેરો આવેલ છે. ત્યારબાદ લાંબા સમયબાદ તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજ તથા તા.૦૬/૦૫/૨૦૨૬ ના રોજનો રજુ રાખવામાં આવેલ પ્રતિવાદીનો મરણનો દાખલો તથા પેઢીનામું રજુ રાખવા રજુ થયેલ આંક-૧૦ અને આંક-૧૧ નો મુદત રીપોર્ટ સ્ટ્રીકટલી લાસ્ટ ડેટ ગ્રાન્ટેડ કરી મંજુર કરવામાં આવેલો. આમ, બેલીફશ્રીનો શેરો વંચાણે લેવામાં આવે તો આશરે ૧૦ માસ પહેલા પ્રતિવાદી ગુજરી ગયેલ છે. વધુમાં, હાલનો દાવો પ્રતિવાદીએ વિજચોરી કરેલ હોય તે મુજબનો દાવો છે. આજરોજ પણ આંક-૧૨ થી વિલંબ માફની અરજી રજુ થયેલ છે. જેમાં તા.૦૧/૦૮/૨૦૨૫નાં રોજ પ્રતિવાદી મરણ ગયેલ હોય, કોઈ સાઈટ વેરીફીકેશનનાં આધારે વારસદારો જાહેર કરવામાં આવેલ છે. ગત મુદત તારીખે મરણનો દાખલો તથા ગુજરનારનું પેઢીનામું રજુ કરવા સ્પષ્ટ તાકીદ કરવામાં આવેલી. તેમ છતાં કલેવર ડ્રાફટીંગ કરી વિલંબ માફની અરજી દસ્તાવેજી પુરાવાઓ સાથે રજુ કરવામાં આવેલ છે. જેમાં તલાટીશ્રીને કરવામાં આવેલ અરજી અને સાઈટ વેરીફીકેશન વાદી કચેરીએ જાતે તૈયાર કરી રજુ રાખેલ છે. જે સાઈટ વેરીફીકેશનમાં પણ વાદીનાં પત્નીને દર્શાવવામાં આવેલ નથી. તેમજ પ્રતિવાદીનાં મરણની પણ ચોકકસ તારીખ જાણી શકાય તે હેતુ થી મરણ પ્રમાણપત્ર પણ રજુ રાખવામાં આવેલ નથી. માત્ર બેલીફશ્રીનાં લોક અદાલતનાં શેરાનાં આધારે ઘટીત કાર્યવાહી કરવામાં આવેલ હોય તેવું કલેવર ડ્રાફટીંગનાં આધારે જાણી શકાય છે. વીજચોરીનાં કેસમાં મરણનાં દાખલા કે કાયદેસરનાં વારસોની ઓથેન્ટીકેટેડ વિગતો વિના દાવો કયારેય આગળ ચલાવી શકાય નહી. વાદી પક્ષે રજુ થયેલ આંક-૧૨ ની લીમીટેશન એકટની કલમ-૫ અન્વયે વિલંબ માફ કરવાની અરજી આજરોજ વિગતવાર હુકમ કરી નામંજુર કરવામાં આવેલી હોય, તેમજ હાલનાં કામે એકમાત્ર પ્રતિવાદી હોય તેઓને એબેટ કરવાનાં થતા હોય હાલનો દાવો એબેટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ **૦૮ મી** માહે **જુન** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભાળવી જાહેર કર્યો.

માળીયા હાટીના.

તા.૦૮/૦૬/૨૦૨૬

(બી.વી.ગોહિલ)
મુખ્ય સિવિલ જજ,
માળીયા હાટીના